## ***આયુર્વેદનું પ્રયોજન :***

प्रयोजनं चास्य स्वस्थस्य स्वास्थ्य रक्षणं आतुरस्य विकार प्रशमनं च। (ચરકસંહિતા)

આયુર્વેદનું મુખ્ય પ્રયોજન

- સ્વસ્થ (નિરોગી ) વ્યક્તિના સ્વાસ્થ્ય (આરોગ્ય)નું રક્ષણ કરવું અને
- રોગી વ્યક્તિના રોગનું નિવારણ કરવું.

આયુર્વેદમાં નિરામય દીર્ઘજીવનની અને ચતુર્વિધ પુરૂષાર્થ પ્રાપ્તિ પર પણ વિશેષ ભાર મુકવામાં આવેલ છે.

धातूसाम्यक्रिया चोक्ता तन्त्रस्यास्य प्रयोजनं। (ચરકસંહિતા)

ધાતુ(શરીરનાં બંધારણના મૂળભૂત ઘટક) સામ્ય(સમાનાવસ્થા) ક્રિયા એટલે શરીરનાં બંધારણના મૂળભૂત ઘટકને સમાનાવસ્થા(નીરોગી અવસ્થા)માં રાખવા /લાવવા માટેના પ્રક્રિયા(પ્રવૃત્તિ) એ આ તંત્ર પ્રયોજન છે.